# શહેરમાં 'તાઉ તે'ના પગલે તોફાની પવન અને વરસાદ

**વાતાવરણમાં પલ્ટો, ભારે પવન અને વરસાદથી જનજીવન પ્રભાવિત : દિવસ દરમિયાન ૯ મી મી વરસાદ વરસ્યો : ગઇકાલની રેકર્ડ બ્રેક ગરમીના અંતે આજે મહત્તમ તાપમાન ૮ ડીગ્રી ગગડયુ : દિવસ દરમિયાન સુસવાટા મારતા પવન વચ્ચે વાદળિયુ વાતાવરણ યથાવત**



ગાંધીનગર તા ૧૭

તૌકતે વાવાઝોડાની અસરથી સમગ્ર રાજયમાં વાતાવરણ પલ્ટાની અસર જોવા મળી રહી છે. ગાંધીનગરમાં પણ બે દિવસથી આકરા ઉનાળે વરસાદી નઝારો નિખર્યો છે. ગઈકાલે દિવસ દરમિયાન સિઝનની રેકર્ડે બ્રેક ગરમી વચ્ચે વરસાદી વાયરો ફુંકાયો હતો. જયારે આજે પણ સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટા વરસતા રહેતા શહેરમાં ભીંજારો પ્રવર્તયો હતો. વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે ગઈકાલે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી જયારે આજે વાવાઝોડની અસર વચ્ચે સવારથી જ સુસવાટા મારતા પવન વચ્ચે વરસાદ પણ વરસ્યો હતો જેના લીધે ગરમીનો પારો પણ ૮ ડીગ્રી નીચે ગગડયો હતો મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રી રહ્યુ હતુ. જયારે દિવસ દરમિયાન ૯ મી મી વરસાદ વરસ્યો હતો. વાતાવરણ પલ્ટાની અસરથી જનજીવન પ્રભાવિત થયુ છે. ભારે પવનના લીધે માર્ગો પર જતા વાહનચાલકો પણ પરેશાન થયા હતા. કેટલાક ઠેકાણે વૃક્ષો પણ નમી પડેલી જોખમી હાલતમાં જોવા મળી રહ્યા છે.



ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી મોસમનો નઝારો બદલાયેલો છે. તૌકતે વાવાઝોડાની અસરથી શહેરમાં મોસમનો મિજાજ બદલાયો છે. ગઈકાલે પણ દિવસના આકરા તાપ બાદ સાંજના સમયે વરસાદ વરસ્યો હતો જયારે રેકર્ડ બ્રેક ગરમી વચ્ચે વાદળિયુ વાતાવરણ સર્જાયુ હતુ. જેના અંતે સાંજે વરસાદના હળવા ઝાપટાથી નગરમાં ભીંજારાની મોસમ નિખરી હતી. વાવાઝોડાની અસર વચ્ચે છેલ્લા બે દિવસથી ભર ઉનાળે આભમાં અષાઢી નઝારો જોવા મળી રહ્યો છે. વાવાઝોડાની અસર વચ્ચે સવારથી જ સુસવાટા મારતા પવન વચ્ચે વરસાદી છાંટણા વરસવાનુ શરૂ થયુ હતુ. દિવસ દરમિયાન તૌકતેની અસર વચ્ચે વાતાવરણમાં સતત બદલાવ જોવા મળ્યો હતો. વાવાઝોડાની અસરથી રાજયમાં અનેક ઠેકાણે વરસાદ વરસ્યો હતો. જયારે ગાંધીનગરમાં પણ દિવસ દરમિયાન ફુંકાતા હળવા ભારે પવનના સુસવાટા વચ્ચે વરસાદી નઝારો નિખર્યો હતો. દિનભર આકાશમાં વાદળોનો ઘેરાવ રહ્યો હતો. સાંજના સમયે પણ વરસાદી છાંટણા પડયા હતા. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી હતી. હવામાન પલ્ટાના અંતે ગરમીનો પારો ૮ ડીગ્રી નીચે ગગડયો હતો. મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયુ હતુ. ગઈકાલે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી સાથે ગરમીનો પારો ૪૪ ડીગ્રી સુધી પહોંચી ગયો હતો. જયારે આજે એકાએક ગરમીનુ જોર ઘટી ગયુ હતુ. આ ઉપરાંત લઘુત્તમ તાપમાન પણ ૫.૫ ડીગ્રી નીચે જતુ રહ્યુ હતુ. મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં માત્ર ૯ ડીગ્રીનો તફાવત જ રહ્યો હતો. વરસાદી વાતાવરણ વચ્ચે ભેજનુ પ્રમાણ પણ વધુ જોવા મળ્યુ હતુ. સવારે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ ૭૪ ટકા અને સાંજે ૮૧ ટકા રહ્યુ હતુ. દિવસ દરમિયાન ૯ મી મી વરસાદ વરસ્યો હતો. છેલ્લા બે દિવસથી રાજયમાં આકરા ઉનાળે ચોમાસા જેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. મોસમના બદલાવથી જનજીવન પ્રભાવિત છે.

# તાઉ-તે વાવાઝોડાને પગલે જિલ્લામાં વાતાવરણ પલ્ટાયુ

**ગાંધીનગર તાલુકાના ત્રણ ગામોમાં પતરા ઉડ્યા તો મોતીપુરામાં વીજપોલ પડ્યા, ગાંધીનગર, માણસા, કલોલમાં હળવો વરસાદ નોંધાયો**

ગાંધીનગર, તા. ૧૭

તૌકતે વાવાઝોડાને પગલે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ફુંકાયેલા તેજ ગતિના પવનને કારણે વૃક્ષો ધરાશયી થવાના, મકાનના પતરા ઉડી જવાના અને વીજળીના થાંભલાઓ પડી જવાની ઘટનાઓને પગલે તંત્ર આજે સતત દોડતુ રહ્યુ હતુ.

જિલ્લામાં તૌકતે વાવાઝોડાને પગલે બીજા દિવસે પણ બપોર બાદ હળવો વરસાદ નોંધાયો હતો. જિલ્લામાં આજે સાંજે ૬ વાગ્યા સુધીમાં માણસામાં ૪, કલોલમાં ૩ અને ગાંધીનગરમાં ૨ મી.મી. વરસાદ નોંધાયો હોવાનું જિલ્લા કંટ્રોલરૂમમાંથી જાણવા મળ્યુ છે.

પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા આજે તંત્રના અધિકારીઓએ જિલ્લામાં પ્રવાસો પણ કર્યા હતા અને ગ્રામજનોને સતર્ક રહેવા માટેની સૂચનાઓ આપી હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં છાલા, જાખોરા અને મોતીપુરા ગામેથી ૪ થી ૫ મકાનોના પતરા ઉડી ગયા હતા. તો મોતીપુરા ગામે જ ૪ જેટલા વીજળીના થાંભલા પડી ગયા હતા અને વીજપુરવઠો ખોરવાયો હતો. જો કે આની જાણ થતાં જ પ્રાંત અધિકારી ભોરણીયા, તા.વિ. અધિકારી ધાંધલ્યા આજે સવારે આ ગામોના પ્રવાસે ગયા હતા અને જાત માહિતી મેળવી હતી. મોતીપુરા ગામે આજે બપોર પછી વીજ પુરવઠો યથાવત થઈ ગયો હતો.

ગાંધીનગર તાલુકાના ગામોને ૬ જૂથમાં વહેંચી અને ૬ જેટલી રેસ્ક્યુ ટીમો તંત્ર દ્વારા બનાવી દેવામાં આવી છે. આ ઉપરાંત યુ.જી.વી.સી.એલ., વન વિભાગ, આરોગ્ય વિભાગ તેમજ આર.એન્ડ.બી.ની ટીમો પણ અલગથી બનાવવામાં આવી છે.

માણસા તાલુકાના રામનગરમાં વીજળીનો થાંભલો પડી ગયાનું ધ્યાને આવ્યુ છે. કલોલમાં પણ તમામ તલાટી કમ મંત્રીઓને ગામમાં જ હાજર રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાની સૂચનાઓ આપવામાં આવી છે.

દહેગામ તાલુકામાં આજે મોડી રાત્રે પવનને પગલે સ્થળાંતર કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવુ જાણવા મળેલ છે. જિલ્લામાં તૌકતેને પગલે પવન છે અને હળવો વરસાદ છે જો કે કોઈ જ જાનહાનિના અહેવાલો હજુ સુધી મળ્યા નથી.

વૃક્ષો જે પડી ગયા છે તેને દૂર કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.









# જિલ્લામાં રાહત : નવા ૧૬૬ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો કહેર ઘટી જવા પામ્યો છે. જિલ્લામાં આજે ૧૬૬ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં ૮૫ અને ગાંધીનગર શહેરમાં ૮૧ કેસ નોંધાયા છે. જિલ્લામાં આજે કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ કરતાં પણ કોરોનાથી મુક્ત થનાર દર્દીઓની સંખ્યા વધુ છે.

જિલ્લામાં કોરોનાનો કહેર ઘટતાં જ રિકવરી રેટમાં નોંધપાત્ર સુધારો જણાતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે. જિલ્લામાં આજે ૨૯૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રિકવરી રેટ ૮૨ ટકા જેટલો સરેરાશ થવા જાય છે. શહેરમાં આજે ૨૦૪ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ અપાયેલ છે. જયારે ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૯ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં આજે કોરોનાની સારવાર દરમ્યાન બે દર્દીના મોત થયાનું રાજ્ય સરકારે તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારના એક દર્દીનું અને શહેરના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. જો કે શહેરના મનપા તંત્રના જણાવ્યા મુજબ આજે શહેરના વિવિધ સ્મશાન ગૃહોમાં ૧૭ જેટલા મૃતકોના અંતિમ સંસ્કાર કોવિડ ગાઈડલાઈન પ્રમાણે કરવામાં આવ્યા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૩૮, ગાંધીનગરમાં ૧૨, કલોલમાં ૧૦ અને માણસામાં ૨૫ કેસનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાંથી ૬ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૨૪ મહિલા દર્દી, ૭ વિદ્યાર્થી, ૭ કર્મયોગી અને ૧૬ ખેડૂત ઉપરાંત નાના-વેપારીઓ તેમજ ખાનગી નોકરીયાતોનો સમાવેશ થાય છે.

દહેગામ તાલુકામાં કોરોના બેફામ બની વિસ્તરી રહ્યો છે. જિલ્લામાં આજે સૌથી વધુ કેસ દહેગામ તાલુકામાં નોંધાયા છે. દહેગામ તાલુકામાં આજે ૩૮ કેસ નોંધાયા છે.

દહેગામ અર્બનમાંથી ૪, જિંડવામાંથી ૩, દેવકરણના મુવાડા, કડજોદરા, ચીસકારી, ઉદણ, સાંપા અને નાંદોલ ગામેથી ૨-૨ કેસ તેમજ બહિયલ, કનીપુર-વાસણા, ગલાજીની મુવાડી, ઉમેદપુરા, બારડોલી કોઠી, હરસોલી, કડાદરા, રામનગર, માણેકપુર, મીરજાપુર, મીઠાનામુવાડા, મોટી માછંગ, થાડાકુવા, ઈસનપુર-ડોડિયા, ધારીસણા, નાના જલુન્દ્રા, ખાનપુર, વાસણા ચૌધરી ખાતેથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાંથી કોરોનાના આજે માત્ર ૧૨ જ કેસ મળતાં તંત્રએ હાશકારો અનુભવ્યો છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તાર સરઢવમાંથી ૬, ગિયોડ, અડાલજમાંથી ૨-૨ તેમજ લવારપુર અને પ્રાંતિયા ગામેથી પણ કેસ મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં પણ કેસોની સંખ્યામાં આજે ઘટાડો નોંધાયો છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે એક પણ કેસ ન નોંધાયો હોવાથી તંત્રએ રાહત અનુભવી છે.

કલોલ શહેરમાંથી આજે વધુ ૧૦ કેસ મળી આવ્યા છે. જેમાં અર્બન-૧ વિસ્તારમાંથી ૬ અને અર્બન-૨ માંથી ૪ કેસ મળી આવ્યા છે. શહેરમાં સર્વેલન્સ સઘન બનાવવા તેમજ ટેસ્ટીંગની માત્રામાં વધારો કરવા માટેની સૂચનાઓ આપવા ઉપરાંત સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી પણ અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

માણસા તાલુકામાંથી આજે ૨૫ કેસ નોંધાયા છે. જેમાં લોદરા ગામેથી ૪, સોજા અને મહુડી ગામેથી ૩-૩ તેમજ માણસા અર્બનમાંથી ૨ કેસ તેમજ બાપુપુરા, બિલોદરા, પલાડી, ઈસનપુર ડોડિયા, અનોડિયા, ખડાત, લાકરોડા, પુંધરા, જામળા, લિમ્બોદરા, રામપુર, વરસોડા, આનંદપુરાથી પણ કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૯ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૪૦૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૬૨ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૮૩૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી ઘટી રહ્યુ છે અને રિકવરી રેટ પણ ૮૪ ટકા જેટલો થતાં તંત્રએ રાહત અનુભવી છે.

શહેરમાં આજે સેક્ટરોમાં ૫૯ કેસ તો શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાંથી ૨૨ કેસ મળી આવ્યા છે. સેક્ટરોમાં હજુ કેટલાંક સંવેદનશીલ વિસ્તારોમાં સંક્રમણ સ્થિર થયુ હોવાથી કેસો મળી રહ્યા છે પણ ઘટવાનો ટ્રેન્ડ ચાલુ થયો છે. પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનું મનપાના સૂત્રો કહી રહ્યા છે.

**દહેગામ-૩૮, ગાંધીનગર-૧૨, માણસા-૨૬, કલોલમાં ૧૦ કેસ નોંધાયા : ગાંધીનગર શહેરમાં સે. ૨, ૪, ૨૮ અને કુડાસણમાં ૬-૬ કેસ, સે. ૭ અને ૨૪ માં ૫-૫ કેસ, સે. ૧૩, ૧૭, ૨૬ માં ૪-૪ કેસ, કુડાસણ, વાવોલ, જીઈબી, સે. ૮, ૧૬ અને ૩૦ માંથી ૩-૩ કેસ**

શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાંથી સે. ૨, ૪, ૨૮ માંથી ૬-૬ કેસ, સે. ૭ અને ૨૪ માંથી ૫-૫ કેસ, સે. ૧૩, ૧૭ અને ૨૬ માંથી ૪-૪ કેસ, સે. ૮, ૧૬, ૩૦ માંથી ૩-૩ કેસ, સે. ૩ અને ૨૭ માંથી ૨-૨ કેસ નોંધાવા ઉપરાંત સે. ૫, ૧૨, ૧૪, ૧૯, ૨૩, ૨૫ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અનો અન્ય વિસ્તારો સરગાસણમાંથી ૬, કોલવડામાંથી ૪, જીઈબી, કુડાસણ, વાવોલમાંથી ૩-૩ કેસ તેમજ પાલજ, રાંદેસણ અને રાંધેજામાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે ૨૦૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. એક સપ્તાહમાં બીજીવાર એક જ દિવસમાં ૨૦૦ થી વધુ દર્દીઓને ડિસ્ચાર્જ અપાયુ છે. શહેરમાં રિકવરી રેટ ૮૫ ટકાની આસપાસ નોંધાયાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## ગાંધીનગરના અગ્રણી અને નાગરિક બેંકના ડિરેકટર નરેન્દ્ર શાહનુ કોરોનાથી નિધન



**સે- ૩ સાંઇબાબા સેવા ટ્રસ્ટના પ્રમુખ સહીત અનેક સેવાકીય સંસ્થાઓમાં તેમણે મહત્વનુ યોગદાન આપી સમાજ ઉપયોગી કાર્યો કર્યા હતા : પુર્વ મુખ્યમંત્રી સ્વ ચિમનભાઈ પટેલના પીએ તરીકે પણ ઉમદા કામગીરી કરી હતી : જયોતિષ વિદ્યાના અભ્યાસુ નરેન્દ્રભાઇની ખોટ ગાંધીનગર સદાય અનુભવશે**

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરના અગ્રણી અને નાગરિક બેંકના વરિષ્ઠ ડિરેકટર નરેન્દ્ર શાહનુ નિધન થયુ છે. નરેન્દ્રભાઈ છેલ્લા ૧૭ દિવસથી કોરોના સામે જંગ લડી રહ્યા હતા. ૭૮ વર્ષીય નરેન્દ્રભાઈ સે-૩ સ્થિત સાંઈબાબા સેવા ટ્રસ્ટના પ્રમુખ પદે પણ સેવા આપતા હતા. નાગરિક બેંક ઉપરાંત નગરની અનેક સંસ્થાઓમાં સેવા આપી સમાજ જીવનની તંદુરસ્તી માટે તેમણે ઉમદા કાર્યો કર્યા હતા. નરેન્દ્રભાઈના અવસાનથી સેકટરવાસીઓ સાંઈ મંદિર પરિવાર તેમજ બેંકના ડિરેકટર્સ સહીત નગરના અગ્રણીઓએ ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે.

ગાંધીનગરમાં સે- ૩ બી માં રહેતા અને નાગરિક બેંકના વરિષ્ઠ ડિરેકટર નરેન્દ્રભાઈ શાહને ૧૭ દિવસ અગાઉ કોરોનાનો રીપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. ત્યારબાદ તેમને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા કોરોના સામે લાંબા સમય સુધી લડત આપ્યા બાદ આજે સવારે તેમનુ અવસાન થયુ હતુ. નરેન્દ્રભાઈના અવસાનથી નગરમાં દુખ સાથે ઘેરા શોકની લાગણી પ્રવર્તી છે. જાહેર જીવનના અગ્રણી અને નાગરિક બેંકના ડિરેકટર હોવાની સાથે તેમણે સુમંગલમ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી ઉપરાંત સે-૩ સાંઈબાબા સેવા ટ્રસ્ટના પ્રમુખ તરીકે પણ ઉમદા સેવા પુરી પાડી છે. આ ઉપરાંત તેઓ સે-૧૯ જીમખાના વ્યવસ્થાપક સમિતિના પણ ડિરેકટર્સ તરીકે પણ સેવા આપી ચુકયા છે. અગાઉના વર્ષો દરમિયાન નરેન્દ્રભાઈ શાહ શિક્ષણ સેવા મંડળના મહામંત્રી તરીકે પણ અનેક શિક્ષકો માટે માર્ગદર્શક રહી ચુકયા છે. પુર્વ મુખ્યમંત્રી સ્વ ચિમનભાઈ પટેલ તેમજ પુર્વ કેન્દ્રીય મંત્રી ઉર્મિલાબેન પટેલના પીએ તરીકે પણ ઉમદા કામગીરી કરી અનેક સમાજ ઉપયોગી કાર્યો કર્યા હતા. નરેન્દ્રભાઈએ અનેક સંસ્થાઓમાં તેમનુ યોગદાન પુરુ પાડયુ હતુ. આ ઉપરાંત જયોતિષ વિદ્યાના પણ તેઓ જાણકાર હતા. અત્યાર સુધી અનેક નાગરિકો તેમના આ અભ્યાસથી પ્રભાવિત થયા છે. એટલુ જ નહી પરંતુ તેમનુ માર્ગદર્શન પણ મેળવ્યુ છે. સાલસ , નિખાલસ અને સેવાભાવી વ્યકિતત્વ ધરાવતા નરેન્દ્રભાઈની વિદાયથી શહેરના બેકીંગ ક્ષેત્રમાં મોટી ખોટ પડશે આ ઉપરાંત સેવાભાવી સંસ્થાઓ અને ટ્રસ્ટને પણ નરેન્દ્રભાઈની સેવા સદા યાદ રહેશે. સાંઈબાબા સેવા ટ્રસ્ટમાં ખિચડી વિતરણની સેવા શરૂ કરવામાં પણ તેમનુ યોગદાન રહ્યુ છે.


**ગુજરાત સરકાર**

**નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૧ વર્ષ ૨૦૨૧-૨૦૨૨**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ (ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬)ની કચેરી દ્વારા ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગ તેમજ નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી નીચે દર્શાવેલ વિભાગ હસ્તકના કામોના વાર્ષિક ભાવ માટે ઓનલાઈન ભાવો માંગવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ઓનલાઈન સ્વીકારવાની આખરી તારીખ | તા. ૨૦/૫/૨૦૨૧થીા તા. ૩/૬/૨૦૨૧ સુધી સમય : ૧૮:૦૦ કલાક સુધી |
| ૨ | ટેન્ડર, ઈ.એમ.ડી. તથા અન્ય દસ્તાવેજો રજૂ કરવાની તારીખ | તા. ૪/૬/૨૦૨૧ થી તા. ૯/૬/૨૦૨૧ સુધી સમય : ૧૮:૦૦ કલાક સુધી (ફક્ત આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટ મારફત) |
| ૩ | ટેન્ડર ખોલવાની તારીખ | તા. ૧૦/૬/૨૦૨૧ સમય : ૧૨:૦૦ કલાક (જો શક્ય હશે તો) |

કવર પર કામનું નામ અને ટેન્ડર આઈ.ડી. નંબર અવશ્ય લખવાના રહેશે.

વિગતવાર નિવિદા તથા સંલગ્ન માહિતી માટે કામકાજના ચાલુ દિવસોએ કચેરી સમય દરમિયાન અત્રેની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે. ઓનલાઈન ટેન્ડરો ભરવા માટે ખાતાની વેબસાઈટ www.nwr.nprocure.com જોવા વિનંતી.

માહિતી/૨૧૨/૨૧-૨૨



**ટુંકી મુદતની જાહેર નિવિદા નં. ૦૬ સને (૨૦૨૧-૨૨)**

કાર્યપાલક ઈજનેરશ્રી, સુતલામ સુફલામ વિભાગ નં.૧, ગાંધીનગર પીન નં. ૩૮૨૦૧૧ ફોન નં. ૦૭૯-૨૩૨૨૦૧૦૯ દ્વારા રીનોવેટીંગ કંટ્રોલ કેબિન એટ સુજલામ સુફલામ વિભાગ નં.૧, ગાંધીનગર ખાતે અંદાજિત કિંમત ૪.૮૨ લાખના કામ માટે ઓનલાઈન ટેન્ડર નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તેમજ માર્ગ અને મકાન વિભાગ દ્વારા માન્ય ગુજરાત રાજ્યમાં નોંધાયેલ તેમજ સદર બાબતે લાયક ઈજારદારશ્રીઓ પાસેથી માંગવામાં આવે છે. ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ તા. ૧૮૫/૨૦૨૧થી તા. ૨૯/૫/૨૦૨૧ સુધી ડાઉનલોડ કરી શકાશે અને સબમીશનની છેલ્લી તારીખ ૭/૬/૨૦૨૧ ૧૮-૦૦ કલાક સુધી રહેશે. ઈ-ટેન્ડરની વધુ વિગતો અત્રેની કચેરીના નોટીસ બોર્ડ તથા વેબસાઈટ http://nwrnprocure.com તથા માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર જોવા મળશે.

માહિતી/૨૦૮/૨૧-૨૨



**SHARE INDIA SECURITIES LIMITED**

Share India — You generate, we multiply

CIN : L67120GJ1994PLC115132

Registered Office: Unit No. 604A-B, 605A-B, 6th Floor, Tower A, World Trade Centre, Gift City, Block-51, Zone-5, Road 5E, Gift City, Gandhinagar, Gujarat-382355; Tel: 011-43011000

E-mail Id:vikas_cs@shareindia.com Website: www.shareindia.com

**NOTICE**

Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company is scheduled to be held on Tuesday, 25th day of May, 2021, inter-alia:-

a) to consider and approve the Audited Standalone and Consolidated Financial Results of the Company for the Quarter and Financial Year ended 31st March, 2021 ; and

b) to consider recommendation of final dividend, if any, for the Financial Year ended 31st March, 2021.

(This Notice is available on the website of the Stock Exchanges, where the Shares of the Company are listed i.e., www.bseindia.com, www.nseindia.com and on Company's website www.shareindia.com)

For Share India Securities Limited
Sd/-
Vikas Aggarwal
Company Secretary & Compliance officer

Place : Delhi
Date : 17.05.2021



**ટચૂકડી જાહેર ખબર**

**નામ બદલેલ છે**

મારું જુનું નામ નાયી ભરત લક્ષ્મણભાઈ હતું તે બદલીને નવું નામ શર્મા ભરત લક્ષ્મણભાઈ કરેલ છે.

**Change of Name**

I Have changed my old name Nayi Bharat Laxmanbhai to New name is Sharma Bharat Laxmanbhai



**ટચુકડી જાહેર ખબર દર રવિવારે**

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com